**લાખો લીટર પાણી રસ્તા પર વહી ગયા બાદ પાલિકાની લોકોને પાણી બચાવવા અપીલ !**

# પાણીની લાઈનમાં મોટું ભંગાણ

**વલસાડમાં પાણીના** ઊંચા ફુવારા ઉડતાં વિસ્તારો જળબંબાકાર

**રિપેરીંગ** કામગીરીને પગલે વલસાડ શહેરમાં પાણી કાપની સંભાવના

વલસાડ : વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં નેશનલ હાઈવે નં.૪૮ પાસે એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં નગરપાલિકાની પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું છે.

લાઈન તૂટવાને કારણે રસ્તા પર પાણીનો ભારે પ્રવાહ વહી નીકળ્યો હતો અને જોતજોતામાં



લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી વેડફાઈ ગયું હતું. અબ્રામા હાઈવે નજીકથી પસાર થતી આ મુખ્ય લાઈન હોવાથી પાણીનું પ્રેશર ખૂબ જ વધારે હતું.

ભંગાણ પડતાની સાથે જ પાણીના ઉંચા ફુવારા ઉડ્યા હતા અને આજુબાજુના નીચાણવાળા વિસ્તારો તેમજ રસ્તા પર પાણી ફરી વળ્યા હતાં. ઉનાળા/ચોમાસાની આ સિઝનમાં એક તરફ પાણી બચાવવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ પાલિકાની બેદરકારી કે ટેક્નિકલ ખામીના કારણે લાખો લીટર પીવાનું પાણી રસ્તા પર વહી જતા સ્થાનિક લોકોમાં પણ રોષ જોવા મળ્યો છે.

આ લાઈન વલસાડ શહેરના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડતી મુખ્ય કડી છે. લાઈનમાં મોટું નુકસાન થયું હોવાના કારણે રિપેરીંગ કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવી પડે તેમ છે. જેને પગલે વલસાડ શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાઈ જશે અને શહેરીજનોને પાણી કાપનો સામનો કરવો પડશે. નગરપાલિકાની ટેક્નિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચીને લાઈન બંધ કરી સમારકામની કામગીરી શરૂ કરે તેવી સંભાવના છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી આ મુખ્ય લાઈનનું સંપૂર્ણ રિપેરીંગ કામ પૂરું નહીં થાય, ત્યાં સુધી પાણી પુરવઠો પુનઃ શરૂ કરી શકાશે નહીં. લાઈન સંપૂર્ણ રિપેર થયા બાદ જ શહેરીજનોના ઘર સુધી પાણી પહોંચાડવામાં આવશે. ત્યાં સુધી નાગરિકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

## વાપી ચોરીના બે બનાવમાં બે ઈસમને આરપીએફે ઝડપ્યા

વાપી : વાપી આરપીએફ દ્વારા ચોરીના બે બનાવોમાં બે ઈસમોને ઝડપી પાડ્યા હતાં. વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 ઉપર એક મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ ચોરી કરનાર ઈસમ છોટુ ભોલા યાદવ નજરે પડ્યો હતો. જે બાદ પોલીસે પીછો કરી ઝડપી પાડી મોબાઈલ ફોન કબજે કર્યો હતો. બીજા બનાવમાં પ્લેટફોર્મ નં.1 પર એક શંકાસ્પદ ઈસમ વિજય દોલત શાલુખે નજરે પડતા આરપીએફ ટીમે તેની તલાશી કરતા એક પાકીટ મળી આવ્યું હતુ. જેમાં રૂપિયા 6500 હતાં. પોલીસે વધુ પૂછતાછ કરતા આ પાકીટ મુસાફરના ખિસ્સામાંથી ચોરી કરેલ હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વાપી રેલવે પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

# સેલવાસમાં સ્ટેમ્પ ટિકિટોની ભારે અછતથી લોકો પરેશાન

**શાળા**-કોલેજના એડમિશન સમયે જ ટિકિટો ન મળતા અરજદારો અને વકીલો મુશ્કેલીમાં

વાપી : સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસમાં છેલ્લા અંદાજે બે મહિનાથી નોટરી સ્ટેમ્પ ટિકિટોની અછત સર્જાતા અરજદારો, નોટરી વકીલો તેમજ સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેમ્પ ટિકિટના અભાવે વિવિધ દસ્તાવેજી કામગીરી સમયસર પૂર્ણ થઈ શકતી ન હોવાથી લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, હાલ શાળા-કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા, વિવિધ પ્રમાણપત્રો તથા અન્ય સરકારી-કાનૂની દસ્તાવેજોની કામગીરીનો સમય હોવાથી નોટરી સ્ટેમ્પ ટિકિટની માંગમાં વધારો થયો છે. પરંતુ સેલવાસમાં ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી અરજદારોને વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. સંબંધિત સરકારી કચેરીમાં પૂછપરછ કરતાં અધિકારીઓ દ્વારા નાસિક સ્થિત કચેરીમાં સ્ટેમ્પ ટિકિટ માટે ઈ-મેલ મોકલ્યાનું જણાવવામાં આવે છે, પરંતુ હજુ સુધી સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી.

સેલવાસમાં સ્ટેમ્પ ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી અહીંના નોટરી વકીલોને દમણથી સ્ટેમ્પ ટિકિટ મેળવવાની ફરજ પડી રહી છે. જોકે દમણમાં પણ સેલવાસના નોટરી વકીલોને રૂપિયા 5,400થી વધુ મૂલ્યની સ્ટેમ્પ ટિકિટ એકસાથે આપવામાં આવતી નથી. પરિણામે દર ત્રણથી પાંચ દિવસે અંદાજે 50 કિલોમીટરનું અંતર કાપીને દમણ જવું પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થઈ રહ્યો છે.સ્થાનિક લોકો અને નોટરી વકીલોએ માંગ કરી છે કે સેલવાસ ખાતે નોટરી સ્ટેમ્પ ટિકિટનો પૂરતો જથ્થો નિયમિત ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ સંબંધિત વિભાગ દ્વારા આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણ માટે અસરકારક કાર્યવાહી કરવામાં આવે, જેથી અરજદારોને સમયસર સેવા મળી રહે અને અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે એવી વ્યવસ્થા કરવાની માંગ કરાઈ રહી છે.

# દમણમાં હવેથી મશીન દ્વારા જ ટ્રાફિક નિયમનના દંડની વસુલાત

**રોકડ** ચલણનો અંત, વાહન ચાલકોએ દંડની રકમ એ.ટી.એમ., ક્રેડીટ કાર્ડ અને યુ.પી.આઈ.થી ચૂકવવી પડશે



દમણ : સંઘપ્રદેશ દમણમાં ડિજીટલ ઈન્ડિયાના અભિયાનને વધુ વેગ આપવા દમણ પોલીસ વિભાગ દ્વારા આજથી ટ્રાફીક શાખાના કર્મચારીઓને પી.ઓ.એસ. મશીનો આપવામાં આવ્યા છે.

આ નવી વ્યવસ્થા હેઠળ ટ્રાફીક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો દંડની રકમ રોકડમાં નહી પણ સંપૂર્ણપણે ડિજીટલ માધ્યમ એટલે કે એ.ટી.એમ., ક્રેડીટ કાર્ડ તેમજ યુ.પી.આઈ. પેમેન્ટ દ્વારા સ્થળ પર જ ટ્રાફિક ચલણની રકમની ચૂકવણી કરી શકશે. આ વ્યવસ્થા થકી દંડની વસૂલાતની પ્રક્રિયા સરળ, ઝડપી અને પારદર્શક બની રહશે.

આ વ્યવસ્થાના પ્રારંભ પ્રસંગે દમણ પોલીસ વિભાગના એસ.પી. કેતન બંસલ નાની દમણ બસ ડેપો પાસે હાજર રહ્યા હતા. અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો પાસેથી ડિજીટલ ટ્રાફિક ચલણ અંતર્ગત પી.ઓ.એસ. મશીન મારફતે દંડની રકમ વસૂલ કરી નવી વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ સાથે જ ઓનલાઈન ચલણ મળેલ વાહનચાલકોએ દંડની રકમ ઓનલાઈન પોર્ટલ મારફતે પણ ભરી શકશે. ત્યારે આ ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા શરૂ કરવાનો મુખ્ય હેતુ દંડ વસૂલાતની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો, રોકડ વ્યવહારોમાં ઘટાડો કરવાનો તેમજ નાગરિકોને સરળ અને સુરક્ષિત ડિજિટલ ચુકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે.

# ઓનલાઈન પ્લાન પાસિંગમાં નકશાની ભૂલો સુધારવા મુદત આપો

**વલસાડ** ડિસ્ટ્રિક રિયલ એસ્ટેટ એસો. ની મુખ્યમંત્રીને રજૂઆત

વલસાડ : ઓનલાઈન પ્લાન પાસિંગમાં નકશાની નાની-મોટી ભૂલોની સુધારણા માટે 15 દિવસની મુદત આપવા વલસાડ ડિસ્ટ્રિક રિયલ એસ્ટેટ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

એસોસિએશનના પ્રમુખ અશોક માંગે દ્વારા કરાયેલી રજૂઆતમાં નકસા મંજૂરી માટે સરકારે શરૂ કરેલી ઓનલાઈન પ્લાન પાસિંગ સિસ્ટમ આવકારદાયક છે. આ પધ્ધતિને લઈ સમગ્ર પ્રક્રિયા સરળ બની છે. સમયનો બચાવ થવા સાથે ભ્રષ્ટાચાર ઉપર પણ અંકુશ આવ્યો છે. ઓન લાઈન સિસ્ટમનો ઉદ્દેશ બિલ્ડિંગ પ્લાન જલ્દીથી પાસ થાય અને બાંધકામ ઉદ્યોગને વેગ મળે તેવો છે. પરંતુ હાલની કાર્ય પધ્ધતિમાં એક ટેક્નિકલ મુશ્કેલીના કારણે અરજદારો અને આર્કિટેકોને ભારે મુશ્કેલી નડી રહી છે. જેથી સોફ્ટવેરમાં સુધારો કરી દસ્તાવેજોની જેમ ભૂલો સુધારણા માટે 15 દિવસનો સમય આપવામાં આવે.

### ક્યાં પ્રકારની મુશ્કેલી નડી રહી છે

હાલની પદ્ધતિમાં જમીનના અન્ય પુરાવાઓ કે દસ્તાવેજોમાં એક પેપર ઓછું હોય કે ભૂલ હોય તો અરજદારને સુધારવા 14 દિવસનો ટાઇમ આપવામાં આવે છે. પરંતુ ઓનલાઇન સુધારવાની કોઈ જોગવાઈ સોફ્ટવેરમાં નથી, સામાન્ય ભૂલમાં પણ આખી ફાઇલ રિજેક્ટ થઈ જાય છે. જેને લઈ ફરી ફાઇલ બનાવવા સમયનો વ્યય થાય છે. નકશા પાસ થવામાં વિલંબ થાય તો ડેવલોપર્સને વ્યાજનું ભારણ વધે છે, જેની સીધી અસર પ્રોજેક્ટની પડતર કિંમત ઉપર પડે છે.

# વલસાડની દુકાનમાં જઈ મહિલાની દાદાગીરી

**પીઝા** રેસ્ટોરન્ટની સંચાલિકાએ વોરૅટીનો બલ્બ બદલાવવાના મુદ્દે ગાળો ભાંડી ધમકી આપતાં મામલો પોલીસ મથકે

વલસાડ : વલસાડની એક પીઝા રેસ્ટોરન્ટ ચલાવતી મહિલાએ વલસાડની જ એક ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાંથી બલ્બ ખરીદ્યો હતો. આ બલ્બ ઉડી જતાં તેણે ઈલેક્ટ્રીશ્યન દુકાનદારને ફોન કર્યો હતો. જોકે, તે બહાર હોય તે આવી શક્યો ન હતો. આ દરમિયાન મહિલાએ ધીરજ ન દાખવી તેની દુકાને પહોંચી ગઈ હતી અને તેને બેફામ બિભત્સ ગાળો ભાંડી હતી. આ ગાળો સાંભળી ઈલેક્ટ્રીશ્યને પણ કામ કરવાની ના પાડી દીધી હતી. તેણે જણાવ્યું કે, આ રીતે ગાળો દઈને ખોટી રીતે ધમકાવો તો કામ થશે જ નહી. જેની સામે માફી માંગવાના બદલે પીઝા રેસ્ટોરન્ટની સંચાલિકા પોતાના અન્ય કર્મચારીઓ સાથે આવી અને દુકાનદારને વધુ ધમકાવ્યો હતો.

જેના પગલે દુકાનદારે આ મહિલા અને તેના અન્ય કર્મચારીઓ સામે વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ કરી હતી. પોલીસે આ ફરિયાદ અરજી અંગે તપાસ હાથ ધરી છે.

## મરોલીમાં મેસેજના જાળમાં ફસાઈ 45,700 ગુમાવ્યા

નવસારી : મરોલીના સીમલક ગામના અહમદ અબ્દુલહૈય હાંસ સાથે 45,700ની સાયબર ઠગાઈ થઈ છે. ટાઇલ્સ ફિટિંગનું કામ કર્યાનું કહી એક શખ્સે પોતાના પુત્રની સારવાર માટે નાણાંની જરૂર હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. આરોપીએ ગુગલ પે દ્વારા 45,700 જમા થયાનો ખોટો મેસેજ મોકલતાં ફરિયાદીએ વિશ્વાસમાં આવી આરોપીના પેટીએમ નંબર પર બે હપ્તામાં કુલ 45,700 ટ્રાન્સફર કરી દીધા હતા. બાદમાં ખાતું તપાસતાં કોઈ રકમ જમા થઈ ન હોવાનું જાણવા મળતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. મરોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેરગામના રુઝવણીમાં કૂવામાં પડી જતા યુવાનનું મોત

ખેરગામ : ખેરગામ તાલુકાના રુઝવણી ગામે દુકાન ફળિયામાં રહેતા અને છૂટક મજૂરી કરતા ૩૬ વર્ષીય ધર્મેશ પટેલ ઘરની આગળ આવેલા ખેતર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન કાકા છીબુભાઈ પટેલે ધર્મેશભાઈને ઘરે જઈને સૂઈ જવા કહ્યું હતું. જો કે, ધર્મેશભાઈ કૂવા તરફ ગયા હતા. ખેતરના કૂવાની ફરતે આશરે ત્રણ ફૂટ ઊંચી પાળી (કરોડી) બાંધેલી હતી. ધર્મેશભાઈ આ પાળીનો ટેકો લઈને કૂવાની અંદર ડોકિયું કરી જોઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમનું સંતુલન બગડતાં તેઓ કૂવાના ઊંડા પાણીમાં ખાબક્યા હતાં. પાણી ઊંડું હોવાના કારણે તેઓ ડૂબી જતાં મોત નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ ખેરગામ પોલીસ મથકે કરવામાં આવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. આ બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ બીપીનભાઈ કાંતુભાઈ ચલાવી રહ્યા છે.

# કપરાડામાંથી BSNL ટાવરની બેટરી ચોરતી ગેંગ ઝડપાઈ

**મહારાષ્ટ્રના** અહલ્યા નગરથી આરોપી પિતા ઝડપાયો, પુત્ર સહિત અન્ય સાગરિતો વોન્ટેડ

વલસાડ : નાનાપોંઢા પોલીસે કપરાડા અને નાનાપોંઢા તાલુકાઓમાંથી બી.એસ.એન.એલ. ટાવરની બેટરીઓની ચોરીઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

ગત 13 જૂને પાનસથી બી.એસ.એન.એલ. ટાવરની રૂપિયા 6.44 લાખની 7 બેટરી ચોરી થઈ હતી. જે મુદ્દે ડીએસ.પી. યુવરાજસિંહ જાડેજા અને મદદનીશ પોલીસ અધિક્ષક ડો.સંદીપ ટી.ના માર્ગદર્શન હેઠળ નાનાપોંઢા પી.આઈ.એમ.એન. કાતરીયાએ તપાસ હાથ ધરી હતી. જેમાં પી.એસ.આઈ. આર.બી. પરમાર, એ.એસ.આઈ. જીતેશ જયરામભાઈ તથા અજીતભાઈ સહિતના સ્ટાફે સીસીટીવી ફુટેજો ચેક કરવા સાથે હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે તપાસ કરતા આ ગુનામાં મહારાષ્ટ્રના માંડવગણ ગામમાં રહેતા નારાયણ મ્હાડુ લોખંડે સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું હતું. જે મુદ્દે પોલીસે તેના ઘરે તપાસ કરતા મુદ્દામાલ સાથે તે મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તે અને તેનો પુત્ર દીપક લોખંડે અને બીજા અન્ય સાગરિતો સાથે મળી છેલ્લા ચાર માસથી નાનાપોંઢા, કપરાડા તાલુકાના અલગ અલગ ગામોમાંથી બી.એસ.એન.એલ. ટાવરમાંથી બેટરીઓની ચોરી કરી મહારાષ્ટ્રમાં પોતાના ઘરે રાખી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ 13,80,000ની કિંમતની મોબાઈલ ટાવરની 14 બેટરી કબજે કરી હતી. પોલીસે ઘટનામાં સંડોવાયેલા અન્ય વોન્ટેડ દીપક નારાયણ લોખંડેની શોધખોળ તથા મુદ્દામાલ રિકવરી કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

### જામગભાણ ગામે મોબાઇલ ટાવરની રૂપિયા 6.45 લાખની બેટરી ચોરાઈ

વલસાડ : જામગભાણમાં બી.એસ.એન.એલ. ટાવરની 6.45 લાખની 7 બેટરી ચોરી થઈ હતી. ફરિયાદી કેર ટેકર નીરજ ગોતરે કપરાડા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, રાત્રે જામગભાણ ગામના સરોવર ફળિયામાં આવેલા બીએસ.એન.એલ.ટાવરની ફરતે આવેલી તારની જાળી અજાણ્યાએ કાપી મોબાઇલ ટાવરની 8 બેટરીઓ પૈકી રૂ.6,45,750 ની કિંમતની 7 બેટરીઓની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# RTOનાં દંડની ફેક લિંક ખોલતા ૭૦ હજાર ઉપડી ગયા

બીલીમોરા : ગણદેવીના ધમડાછા કાછીયાવાડ ફળિયામાં રહેતા ૬૨ વર્ષના મહેશભાઈ મગનભાઈ નાયકને તેમના મોબાઈલ ફોનમાં અજાણ્યા નંબરથી તેમની જ્યુપિટરનો રૂપિયા ૫૦૦ના દંડનો ટેક્સ મેસેજ આવ્યો હતો, તેની સાથે લીંક પણ આવી હતી જે લિંકને મહેશ નાયકે ઓપન કરતાની સાથે જ તેમની ઈન્દુસઈન્ડ બેંકના ખાતામાંથી રૂપિયા ૭૦ હજાર રૂપિયા કપાય ગયાનો મેસેજ આવતા ઓનલાઈન સાઈબર ફ્રોડનો ભોગ બનતા ગણદેવી પોલીસમાં અજાણ્યા શખ્સ વિરૂધ ફરિયાદ નોંધાવી છે. જેની તપાસ પીઆઈ રાઠોડ કરી રહ્યા છે.

**વેચાણ અંગે ની જાહેર નોટિસ**

વલસાડ ડિસ્ટ્રિક્ટ ની સબ ડિસ્ટ્રિક્ટ વલસાડ મોજે ગામ ડુંગરી વિસ્તારમાં આવેલ રેવન્યુ/બ્લોક સર્વે નંબર ૯૪ (જૂનો બ્લોક સર્વે નં ૨૩૮૦) ખાતા નં ૨૯૬૭ કુલ ક્ષેત્રફળ ૦-૧૮-૨૧ હે.આરે.ચો.મી. વાળી મિલકત ધનસુખભાઈ પરાગભાઈ પટેલ પાસેથી હમારા અસીલ દ્વારા ઉપરોક્ત જણાવેલ સર્વે નંબર ની મિલકત વેચાણ થી રાખવાનું નક્કી કરેલ છે ધનસુખભાઈ પરાગભાઈ પટેલ નાઓએ પોતાની સ્વતંત્ર માલિકી કબ્જો ભોગવટા, વહીવટ વપરાશનું હોવાનું જણાવી સદરહુ મિલકત મારા અસીલ ને કીમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે . જેથી કોઈ ઈસમનો સદરહુ મિલકતમાં કોઈ પણ જાતનો હક્ક,હિત,હિસ્સો,દરદાવો, લાગભાગ, ભરણપોષણ કે કોઈનું સાટાખત, કબ્જો કરાર કે ચાર્જ બોજો ય લિયન યા ઇઝમેંટના હક્કો યા અન્ય કોઈપણ હક્કો કે અધિકારો યા લાખાણો હોય કે કોઈ તકરાર વાંધો વચકો હોય તે તેમણે આ નોટિસની પ્રસિદ્ધથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત જાણ કરવી. મુદત વિત્યે કોઈપણ જાતના વાંધો કે હરકતો નહીં આવે તો કોઇના આ હક્કો નથી, યા તો જતાં કર્યા છે, તેમ માની સદરહુ મિલકતનો મારા અસીલ પૂરેપુરી વેચાણ અવેજ ના તેના ઉપરોક્ત માલિકને ચૂકવી આપી કબ્જા સહિતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઈપણ જાતની તાર- તકરાર ચાલશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. મુકામ વલસાડ

**આકીબ મકબુલ મલેક (એડવોકેટ)**
એડ્રેસ: કાપડીયા ચાલ, બેચર રોડ, વલસાડ-396001
મો. નં. 7990108072- EMAIL ID aklb.malek72@gmail.com

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીમાં રકતદાન શિબિર યોજાઈ



વાપી : વાપી નજીકના ચણોદ સ્થિત રાજસ્થાન ભવનમાં રકતદાન શિબિરનું આયોજન મીડિયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે અતુલ લિ. કંપનીના જનરલ મેનેજર ગૌતમ દેસાઈ હાજર રહ્યા હતાં. રકતદાન શિબિરમાં મોટી સંખ્યામાં રકતદાતાઓ આવી પહોંચ્યા હતાં. યોજાયેલા આ ચોથા રકતદાન શિબિરમાં 107 યુનિટ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આયોજક જયરૂપદાસે મુખ્ય અતિથિ, સહયોગ આપનારા તમામનો આભાર વ્યકત કર્યો હતો.

### કચીગામ વાપી રોડ પર બસ-ટ્રક વચ્ચે અકસ્માત

દમણ : સંઘ પ્રદેશ દમણના કચીગામ વાપી રોડ પર મંગળવારના રોજ બપોરના સુમારે ખાનગી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાવા પામ્યો હતો. કચીગામ મુખ્ય માર્ગ નજીક આવેલા એક કટ પરથી ટ્રક અચાનક મુખ્ય રસ્તા પર આવતા સામેથી આવી રહેલી બસ નં - DD-03-P-9947 સાથે અથડાઈ હતી. અકસ્માતના કારણે બસના આગળના ભાગનો કાચ તૂટી ગયો હતો અને બસને નુકસાન પહોંચ્યું હતું. જોકે, બસમાં મુસાફરી કરી રહેલા 10થી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતમાં કોઈપણ મુસાફરને ઈજા પહોંચવા પામી ન હતી, જેને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. અકસ્માત બાદ બસમાં રહેલા મુસાફરોએ પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે અન્ય વાહનોનો સહારો લેવો પડ્યો હતો. ઘટનાને પગલે થોડા સમય માટે કચીગામ વાપી રોડ પર ટ્રાફિક પણ પ્રભાવિત થઈ જવા પામ્યો હતો. અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા ન થતાં બસ અને ટ્રકના ચાલકો વચ્ચે આંતરિક સમજૂતી થઈ જતાં મામલો સ્થળ પર જ થાળે પડ્યો હતો. ઘટનાને લઈને કોઈપણ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નથી.

### ફરજિયાત TETના વિરોધમાં ગાંધીનગરમાં શિક્ષકોનું મહાઆંદોલન



નવસારી: ફરજિયાત TET પરીક્ષાના નિર્ણયના વિરોધમાં નવસારી સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો મંગળવારે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિક્ષકોએ વર્ષોથી સેવા આપતા શિક્ષકો માટે ફરજિયાત TETનો નિર્ણય પરત ખેંચવાની માંગ કરી હતી. ઉપરાંત વર્ષ 2010 પહેલાં નિમાયેલા શિક્ષકોને TETમાંથી મુક્તિ તેમજ **જૂની પેન્શન યોજના (OPS)**નો લાભ આપવાની માંગ પણ કરવામાં આવી હતી. શિક્ષક સંગઠનોએ જણાવ્યું હતું કે સરકાર તેમની માંગણીઓ પર હકારાત્મક નિર્ણય નહીં લે તો આગામી સમયમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને જરૂર પડે તો તેને દિલ્હી સુધી લઈ જવામાં આવશે. હવે રાજ્ય સરકાર આ મુદ્દે શું નિર્ણય લે છે તેના પર શિક્ષક વર્ગની નજર છે.

### ધરમપુરની શાળાના વિદ્યાર્થીઓને ૧૧ હજાર નોટબુકનું વિતરણ




ધરમપુર : ધરમપુર ધોડિયા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના ઓઝરપાડા, ખારવેલ, બારસોળ, રાનપાડા, બામટી, નાની વહીયાળ, કાકડકુવા, નાની ઢોલડુંગરી, મોટી ઢોલડુંગરી, વિરવલ, રાજપુરી તલાટ, બિલપુડી, ભાંભા, આંબા તલાટ, ખટાણા ગામની સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટીકાથી લઈ ધો. ૮ સુધીના દરેક વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૧ હજાર નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ તબક્કે સમાજના ટ્રસ્ટીગણ, ગામના આગેવાનો અને શિક્ષકગણ સાથે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ વિજય પાનેરિયા, ટ્રસ્ટીઓ કાર્તિક ગરાસિયા, રાહુલ પટેલ, અશ્વિન પટેલ, આશા પટેલ, અભેસિંહ પટેલ, હસુમતી પટેલ, સુનિલ પટેલ, હસમુખભાઈ, કમલેશભાઈ, નરેશભાઈ, ધીરજભાઇ, રિતેશભાઇ, ઉત્તમભાઈ, સુભાષભાઈ અને જયંતિભાઈના હસ્તે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આગેવાન જિજ્ઞેશભાઈ, રાજેશભાઇ, ધીરુભાઇ, જયેશભાઈ અને પ્રમોદભાઇ વગેરેએ હાજરી આપી હતી.

### મહુવાસ નજીક આઇસર ટેમ્પાની પાછળ અથડાતા બાઈક ચાલકનું મોત

વાંસદા: વાંસદા તાલુકાના મહુવાસ ગામે ઝાડી ફળિયામાં વાંસદા-વઘઈ માર્ગ પર આઇસર ટેમ્પો નં. GJ-03-BY-7421 ના ચાલકે ટેમ્પો પૂરઝડપે અને બેદરકારી પૂર્વક હંકારી બ્રેક મારતા તેની પાછળ આવી રહેલી મોટર સાયકલ નં. GJ-21-BQ-8696 ટેમ્પાના પાછળના ભાગે અથડાઈ હતી. અકસ્માતમાં મોટર સાયકલ ચાલક વિરલભાઈ ગાયકવાડ (ઉ.વ. 31 રહે. નવતાડ, ચીખલાળ ફળિયું, તા. વાંસદા)ને માથાના ભાગે, જમણા પગ તેમજ છાતીના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે ફરજ પરના ડોક્ટરે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના ભાઈ નવીન ગાયકવાડે આઇસર ટેમ્પોના ચાલક વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

HDFC BANK
We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને

જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના**

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિકયોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિકયોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૨૨ મી જુલાઈ ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિકયોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિકયોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિકયોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારો ના નામ | ૧૨ જુલાઈ ૨૦૨૬ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXXXXXXXX6033 | નીસા દિલીપ સોંલકી | ૨,૩૫,૩૩૫.૮૨ | ૧૩-૦૭-૨૦૨૬ |
| ૨ | XXXXXXXXXX1192 | રાહિમા બીબી | ૩૫,૦૭૦.૧૩ | ૧૩-૦૭-૨૦૨૬ |

તા. : ૧૫.૦૭.૨૦૨૬ — સહી/-
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ — એચડીએફસી બેંક લિ.